# શિવમંદિરનું રહસ્યદર્શન

શિવમંદિરમાં આઠ મૂર્તિઓ હોય છે :

| | | |
|---|---|---|
| (૧) કાપાલિક | (૪) હનુમાનજી | (૭) પાર્વતી |
| (૨) ભૈરવ | (૫) કચ્છપ | (૮) શિવલિંગ. |
| (૩) નંદી | (૬) ગણપતિ | |

રાજયોગમાં આઠ અંગો છે :

| | | |
|---|---|---|
| (૧) યમ | (૪) પ્રાણાયામ | (૭) ધ્યાન |
| (૨) નિયમ | (૫) પ્રત્યાહાર | (૮) સમાધિ. |
| (૩) આસન | (૬) ધારણા | |

(૧) પ્રાચીન પરંપરાના શિવમંદિરની બહાર કાપાલિકની મૂર્તિ હોય છે. કાપાલિકના હાથમાં તલવાર હોય છે. કાપાલિક આ તલવાર દ્વારા શિવ-ઉપાસનામાં બાધારૂપ તત્ત્વોને અર્થાત્ માનવચિત્તની મર્યાદાઓને કાપી નાખે છે.

અષ્ટાંગયોગમાં આ કાર્ય ‘યમ’ દ્વારા થાય છે. યમ પાંચ છે – સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહ. અસત્ય, હિંસાવૃત્તિ, ભોગવાસના, ચૌર્યવૃત્તિ અને સંગ્રહવૃત્તિ – આ પાંચ બંધન છે, પાશ છે અને તેથી અધ્યાત્મપથમાં બાધાકારક છે. પાંચ યમના પાલન દ્વારા સાધક આ બંધનને કાપી નાખે છે અને યોગના ઉચ્ચતર અભ્યાસમાં સરળતાથી આગળ વધે છે. આ સત્ય શિવમંદિરમાં કાપાલિકના પ્રતીક દ્વારા સૂચિત થાય છે. કાપાલિકની જેમ યમ અને યમની જેમ કાપાલિક અધ્યાત્મયાત્રીનાં – શિવોપાસકનાં બંધનોને છેદી નાખે છે.

(૨) શિવમંદિરમાં કાપાલિકની સાથે ભૈરવની મૂર્તિ પણ હોય છે. ભૈરવ શિવમંદિરના રક્ષક ગણાય છે. વારાણસીના પ્રધાન દેવ કાશી વિશ્વનાથ

છે અને કાળભૈરવ વારાણસીના કોટવાળ અર્થાત્ રક્ષક ગણાય છે. આમ, ભૈરવ રક્ષકદેવ છે. કૂતરો ભૈરવનું વાહન ગણાય છે. કૂતરો રક્ષાનું પ્રતીક છે.

યોગમાં દ્વિતીય સોપાન નિયમ છે. નિયમ દ્વારા જ યોગસાધનાની રક્ષા થાય છે. નિયમ વિના યોગસાધના પરિપૂર્ણ થાય નહીં. નિયમ પાંચ છે – શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન. આ પાંચ નિયમો દ્વારા સાધકની યોગસાધનાની રક્ષા થાય છે. તેમની રક્ષાથી રક્ષિત સાધક સમાધિ અને કૈવલ્ય સુધી પહોંચી શકે છે.

ભૈરવ શિવમંદિરના રક્ષકદેવ છે, કોટવાળ છે. ભૈરવ શિવમંદિરની અને શિવ-ઉપાસકની, તેની શિવ-ઉપાસનાની રક્ષા કરે છે. શિવમંદિરમાં જે સ્થાન ભૈરવનું છે, તે જ સ્થાન અષ્ટાંગયોગમાં નિયમનું છે. ભૈરવ દ્વારા નિયમ અને નિયમ દ્વારા ભૈરવ સૂચિત થાય છે. ભૈરવ અને નિયમ શિવઉપાસના અને યોગસાધનાની રક્ષા કરે છે.

(૩) શિવમંદિરની તૃતીય મૂર્તિ નંદી છે. અષ્ટાંગયોગમાં આસન તૃતીય અંગ છે. નંદી આસિન છે અર્થાત્ પગ વાળીને બેઠેલા છે અને આસનસ્થ પણ છે. નંદીની આ અવસ્થા અને તે રીતે નંદીની મૂર્તિ દ્વારા યોગનું તૃતીય અંગ આસન સૂચિત થાય છે. નંદીનું મુખ શિવ તરફ જ હોય છે. તેના દ્વારા એમ સૂચિત થાય છે કે આસન સમાધિ અને કૈવલ્યપ્રાપ્તિ માટે ધારણ કરવાનું છે. આસન અને નંદીનું મુખ સમાધિ અને શિવ તરફ છે.

(૪) શિવમંદિરની ચતુર્થ મૂર્તિ હનુમાનજી છે. હનુમાનજી વાયુપુત્ર છે. અષ્ટાંગયોગમાં ચતુર્થ અંગ પ્રાણાયામ છે. પ્રાણાયામ વાયુના નિયંત્રણ દ્વારા પ્રાણજયની સાધના છે. હનુમાનજીની મૂર્તિ દ્વારા યોગનું ચતુર્થ અંગ પ્રાણાયામ સૂચિત થાય છે. આપણા શરીરમાં રહેલા પ્રાણતત્ત્વના અધિષ્ઠાતા દેવ હનુમાનજી ગણાય છે. શિવમંદિરમાં જે સ્થાન હનુમાનજીનું છે, તે જ સ્થાન અષ્ટાંગયોગમાં પ્રાણાયામનું છે. પ્રાણાયામ વાયુના નિયંત્રણ સાથે ગાઢ રીતે સંકળાયેલી યોગસાધના છે અને હનુમાનજી તો વાયુપુત્ર છે. આમ, હનુમાનજી અને પ્રાણાયામનો અન્યોન્ય સંબંધ સુસ્પષ્ટ છે.

(૫) શિવમંદિરની પાંચમી મૂર્તિ કચ્છપ છે. કચ્છપ એટલે કાચબો. અષ્ટાંગયોગનું પાંચમું અંગ પ્રત્યાહાર છે. ઇન્દ્રિયો પોતાના વિષયોમાંથી

પાછી હઠીને પોતાના ગોલકોમાં પાછી ફરે તે પ્રત્યાહાર છે. આવી જ ઘટના કાચબાના વ્યવહારમાં પણ જોવા મળે છે. કાચબો પોતાનાં અંગોને અંદર સંકોરી લે છે. કાચબાની આ અંગોને સંકોરી લેવાની પ્રક્રિયા દ્વારા પ્રત્યાહારની ઘટના સૂચિત થાય છે, તેથી કાચબો પ્રત્યાહારનું પ્રતીક છે.

આમ, શિવમંદિરમાં જે કચ્છપ તે જ અષ્ટાંગયોગમાં પ્રત્યાહાર છે. કચ્છપ મૂર્તિ દ્વારા પ્રત્યાહાર અને પ્રત્યાહાર દ્વારા કચ્છપ મૂર્તિ સૂચિત થાય છે.

(૬) શિવમંદિરની છઠ્ઠી મૂર્તિ ગણપતિ છે. અષ્ટાંગયોગનું છઠ્ઠું અંગ ધારણા છે. ધારણા એટલે કોઈ વિષયમાં ચિત્તનું એકાગ્ર થવું. ગણપતિની આંખો ઝીણી છે અર્થાત્ એકાગ્ર થયેલી છે. આ રીતે ગણપતિની મૂર્તિ દ્વારા એકાગ્રતા અને એકાગ્રતા (ધારણા) દ્વારા ગણપતિ સૂચિત થાય છે.

આમ, શિવમંદિરમાં જે સ્થાન ગણપતિનું છે, તે સ્થાન અષ્ટાંગયોગમાં ધારણાનું છે.

(૭) શિવમંદિરમાં સાતમી મૂર્તિ પાર્વતીજી છે. અષ્ટાંગયોગમાં સાતમું અંગ ધ્યાન છે. પાર્વતીજી શિવનું ધ્યાન કરે છે, એટલું જ નહીં, પરંતુ પાર્વતીજી ઉપાસકને શિવની પ્રાપ્તિ કરાવે છે, શિવ સુધી દોરી જાય છે. તે જ રીતે ધ્યાનયોગીને સમાધિની પ્રાપ્તિ કરાવે છે, સમાધિ સુધી દોરી જાય છે. યૌગિક સાધનપદ્ધતિ પ્રમાણે ધ્યાન જ વિકસીને સમાધિમાં પરિણમે છે.

આમ, પાર્વતીજી દ્વારા ધ્યાન અને ધ્યાન દ્વારા પાર્વતીજી સૂચિત થાય છે.

(૮) શિવમંદિર અષ્ટમ્ મૂર્તિ શિવલિંગ છે. અષ્ટાંગયોગનું આઠમું અને આખરી અંગ સમાધિ છે. શિવમંદિરમાં શિવલિંગ પ્રધાનમૂર્તિ અને કેન્દ્રસ્થ તત્ત્વ છે, તે જ રીતે અષ્ટાંગયોગમાં સમાધિ આખરી સોપાન અને કેન્દ્રસ્થ તત્ત્વ છે, ધ્યેય છે. તેથી જે સ્થાન શિવમંદિરમાં શિવલિંગનું છે, તે જ સ્થાન અષ્ટાંગયોગમાં સમાધિનું છે.

આમ, શિવલિંગ દ્વારા સમાધિ અને સમાધિ દ્વારા શિવલિંગ સૂચિત થાય છે.

આ રીતે જોઈ શકાય છે કે શિવમંદિર દ્વારા અષ્ટાંગયોગ અર્થાત્ શિવમંદિરની અષ્ટમૂર્તિ દ્વારા અષ્ટાંગયોગ (રાજયોગ)નાં આઠ અંગ સૂચિત થાય છે.

•

# આર્યો ભારતમાં બહારથી આવ્યા છે?

એક માન્યતા વ્યાપક પ્રમાણમાં પ્રચલિત થઈ છે કે આર્યો ભારતમાં બહારથી આવ્યા છે. માન્યતા વ્યાપક પ્રમાણમાં પ્રચલિત હોય તેથી તે સાચી જ હોય તેમ નથી. ખોટી માન્યતા વ્યાપક પ્રમાણમાં પ્રચલિત થાય છે એટલે લોકો તેને સાચી માની લે છે અને તેવી ખોટી માન્યતા ઇતિહાસને પાને સત્ય હકીકત તરીકે નોંધાઈ જાય છે. એટલું જ નહીં, ઇતિહાસને પાને નોંધાઈ જનાર આ ખોટી માન્યતાને એક ઐતિહાસિક સત્ય તરીકે શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે.

માન્યતા ગમે તેટલી વ્યાપક બને તો પણ તે માન્યતા ખોટી હોય તો તે સત્ય બની શકે નહીં.

એક માન્યતા વ્યાપક પ્રમાણમાં પ્રચલિત છે અને મહાભારત આદિ અનેક ગ્રંથોમાં હકીકત તરીકે નોંધાયેલી છે કે ધૃતરાષ્ટ્રનાં પત્ની ગાંધારીને સો પુત્રો હતા. કોઈ પણ સ્ત્રી એક જ જન્મમાં સો પુત્રોની માતા બની શકે? આવી માન્યતાને સત્ય હકીકત તરીકે કેવી રીતે સ્વીકારી શકાય? આ ખોટી માન્યતાનું સત્ય હકીકત તરીકે સિદ્ધ કરવા માટે એક તુક્કો પણ આપવામાં આવે છે. ગાંધારીને એક પિંડનો જન્મ થયો. આ એક પિંડના સો ભાગ થયા અને તેમાંથી સો બાળકો – કૌરવો પ્રગટ થયા. આ વાતનો કોઈ પણ રીતે સ્વીકાર થઈ શકે તેમ નથી. તો પણ લગભગ સર્વસ્વીકૃત હકીકત તરીકે પ્રચલિત થઈ ગયેલી છે.

આર્યો ભારતમાં બહારથી આવેલા છે તે એક વ્યાપક પ્રમાણમાં પ્રચલિત અને લગભગ સર્વસ્વીકૃત હોવા છતાં ખોટી માન્યતા છે.

હવે આપણે સમજવાનો પ્રયત્ન કરીએ કે આ ખોટી માન્યતા એક ઐતિહાસિક સત્યઘટના તરીકે પ્રતિષ્ઠિત કેવી રીતે બની ગઈ છે?

ભારતીય પ્રજાને કદી કલ્પના પણ આવી નથી કે તેઓ પોતે આ દેશમાં અર્થાત્ આર્યાવર્તમાં બહારથી આવ્યા છે.